ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** તારીખ: ૦૩.૧૨.૨૦૧૮

પરીક્ષાર્થીઓની લાગણી અને સંવેદનાને ધ્યાનમાં રાખીને સરકારે પુનઃપરીક્ષાનો નિર્ણય અને કસૂરવાર સામે તાત્કાલિક કાર્યવાહી કરી છે.

* * * * * *

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર ઘટનાક્રમને ગંભીરતાથી લઈને તાકિદે એકશન લીધાં છે.

* * * * * *

કોંગ્રેસ પોતાના ભ્રષ્ટાચારીઓ સામે એકશન લેતી નથી. જ્યારે ભાજપ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ તાત્કાલિક બે લોકોને પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યા છે.

* * * * * *

મુખ્યમંત્રીશ્રી પર જૂઠ્ઠા આક્ષેપ કરનારા શ્રી પરેશ ધાનાણીને શ્રી ભરત પંડયાનો જવાબ. જાહેરજીવનમાં આધાર કે પૂરાવાવગરના જૂઠ્ઠા આક્ષેપો કરનારાઓની વિશ્વસનીયતા રહેતી નથી. જો અમે પણ આનું મૂળ વિપક્ષના નેતા સુધી પહોંચે છે તેવું કહીએ તો શું એ યોગ્ય છે ?

* * * * * *

શું કોંગ્રેસ પુનઃ પરીક્ષાનો વિરોધ કરે છે ? કે પેપરલીક કરેલ ગુન્હેગારોને સામે એકશન લીધાં તેનો વિરોધ કરે છે ? કોંગ્રેસનો વિરોધ માત્ર રાજકીય સ્વાર્થ અને ઉશ્કેરાટ માટે છે તે ગુજરાતની જનતા સમજી ચૂકી છે.

* * * * * *

પુનઃપરીક્ષાનો નિર્ણય એ તમામ પરીક્ષાર્થીઓ માટે હિતકારી છે. તેથી જે લોકો પેપરલીક પછી પરીક્ષા યોજાવી જોઈએ તેવો બદઈરાદો રાખનારા અને ઉશ્કેરાટ ફેલાવનારા પરીક્ષાર્થીઓના હિત વિરોધી તત્વોથી સાવધાન રહે તેવી પરીક્ષાર્થીઓને નમ્ર અપીલ છે.

* * * * * *